©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] SATURDAY, 14th FEBRUARY, 2026/MAGHA 25, 1947 [No. 04

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-I EXTRAORDINARY

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/કોલેરા-૦૧/૨૦૨૫.-મુખ્ય જિલલ આરોગ્ય અધિકારીશ્રી, જામનગર તરફથી મળેલ દરખાસ્ત મુજબ જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામમાંથી કોલેરાનો પોઝીટીવ કેસ નોંધાયેલ છે. આ રોગનો ફેલાવો થતો અટકાવવા આ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત વિસ્તાર જાહેર કરવા તથા તેની આજુબાજુના ૨ કિ.મી.ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરવા માટે દરખાસ્ત મળેલ છે.

કોલેરા રોગનો ફેલાવો થતો અટકાવવા માટે તથા તાત્કાલિક પગલા લેવા માટે એપેડેમીક ડીસીઝ એકટ નં.-૩ ઓફ ૧૮૯૭ અન્વયે જાહેરનામુ બહાર પાડવાનુ મને યોગ્ય જણાય છે. સબબ એપેડેમીક ડીસીઝ એકટ નં. ૩ ઓફ ૧૮૯૭ અન્વયે કોલેરા રોગ નિયંત્રણની કલમ-૨ પ્રમાણે મળેલ અધિકારની રૂઈએ હુ, **અંકિત પન્નુ, જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લા, જામનગર,** આથી નીચે પરિશિષ્ટ-૧ માં જણાવેલ વિસ્તારને કોલેરા રોગગ્રસ્ત તથા પરિશિષ્ટ-૨ માં જણાવેલ વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કરૂ છું.

: પરિશિષ્ટ-૧ :

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાનું જોગવડ ગામ

: પરિશિષ્ટ-૨ :

જામનગરના જિલ્લાના લાલપુર તાલુકાના જોગવડ ગામની આસપાસનો ૨ કિ.મી.નો વિસ્તાર.

એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ ની કલમ-૩ હેઠળ પરિશિષ્ટ-૧ અને ૨ માં જણાવેલ વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી, લાલપુરને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિયુકત કરવામાં આવે છે અને નિયંત્રણ હેઠળની તમામ સત્તાઓ એનાયત કરવામાં આવે છે.

આ જાહેરનામાની સદરહુ વિસ્તારના લોકોને જાણ થાય તે રીતે તેની બહોળી પ્રસિધ્ધી મેડીકલ ઓફીસર ઓફ હેલ્થ, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ કરવાની રહેશે.

આજ તા. ૬ માહે ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

જામનગર, ૬ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

અંકિત પંન્નુ
જિલ્લા મેજીસ્ટ્રેટ
જામનગર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/જળાશયો/૦૨/૨૦૨૫.-ગુજરાત રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આવેલ જળાશયોમાં નાહવા પડેલ વ્યકિતઓના ડુબી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓ ધ્યાને આવેલ છે. આવી દુર્ઘટનાઓથી જીવ ગુમાવ્યાના કિસ્સા જામનગર જિલ્લામાં પણ બનવા પામેલ છે. આ અગાઉ પણ નજીકના ભૂતકાળમાં સેલ્ફી લેતી વખતે કે સોશીયલ મીડિયા માટે રીલ્સ/શોટસ બનાવતી વખતે નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ જેવા જળાશયોમાં પડી જવાથી માનવ ઈજા અને માનવ મૃત્યુ થયા હોવાની ઘટનાઓ સામે બનવા પામેલ છે. તેમજ ચોમાસા દરમ્યાન નદીઓમાં જળ પ્રવાહ વધી જાય છે. જેના કારણે જળાશયો કે નદીઓના પાણી જોવા જવાના કે નહાવા જવાના કિસ્સામાં નદી/જળાશયોમાં પડી જવાથી માનવ ઈજા અને માનવ મૃત્યુ થયા હોવાની ઘટના બનવા પામતી હોય છે.

આવા સ્થળોએ વિશાળ સંખ્યામાં લોકો હરવા ફરવા માટે આવતા હોય છે. ડેમ/જળાશય/નદી કાંઠે નાહવા કે અન્ય કારણોસર જતા દુર્ઘટનાઓ થતી હોય છે. જેથી આવા સ્થળોએ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગ રૂપે નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ તથા ચેકડેમ તેમજ એવા સ્થળો કે જયા વધુ પ્રમાણમાં જળ સંગ્રહ થયેલ હોય તેવા જળાશયોમાં નાહવા કે અન્ય કારણોસર લોકોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવવા અંગે ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૦૫-૦૫-૨૦૨૫ ના પત્ર નં. HD/MSM/e-file/2025/2718/SB1 થી તરફથી સુચના થઈ આવેલ છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, જામનગર જિલ્લાના પરિશિષ્ટ 'ક' મુજબના જળાશયો (નદી, તળાવ, નહેર, દરિયા, ડેમ, સિંચાઈ યોજનાઓ વગેરે) પર નાહવા કે અન્ય કારણોસર લોકોના પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ જાહેરનામું તા. ૧૬-૦૬-૨૦૨૫ થી તા. ૧૪-૦૮-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

: શિક્ષા :

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત માટે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાં અન્વયે સંબંધિત જળાશયનો હવાલો ધરાવતા નાયબ કાર્યપાલક ઈજનેર તથા તેમનાથી ઉપરના દરજ્જાના સિંચાઈ વિભાગના અધિકારીશ્રીઓ તથા થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની બજવણી વ્યકિતગત રીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, પ્રાંત અધિકારીશ્રી અને મામલતદર કચેરી, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતો, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ અને સિંચાઈ વિભાગની કચેરી વગેરે જેવી તમામ સરકારી કચેરીના નોટીસ બોર્ડ પર ચોંટાડીને કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાની નકલો પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને જાહેરનામું પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૧૬ માહે જુન-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

જામનગર, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

આ કચેરીના તા. ૧૬-૦૬-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક : ડીએમ/ડીસીએચ/જળાશયો/૦૨/૨૦૨૫ નું

પરીશિષ્ટ 'ક'

ક્રમ	તાલુકો	ગામ	જળાશય/ભયજનક સ્થળની વિગતો
૧	જામનગર (શહેર)	--	રણમલ તળાવ, જામનગર
૨	જામનગર (શહેર)	--	રણજીત સાગર ડેમ, જામનગર
૩	જામનગર (ગ્રામ્ય)	ફલ્લા	કંકાવટી સિંચાઈ યોજના
૪	જામનગર (શહેર /ગ્રામ્ય)	--	રંગમતી નદી
૫	જામનગર (શહેર /ગ્રામ્ય)	--	નાગમતી નદી

ક્રમ	તાલુકો	ગામ	જળાશય/ભયજનક સ્થળની વિગતો
૬	જામનગર (ગ્રામ્ય)	ખારાબેરાજા	સરમત-ખારબેરાજા બંધારા
૭	જામનગર (ગ્રામ્ય)	ગાડુકા	સસોઈ ડેમ
૮	જામનગર (ગ્રામ્ય)	ચંગા	રંગમતી સિંચાઈ યોજના
૯	જામનગર (ગ્રામ્ય)	જગા	જગેડી ડેમ, કેનાલ
૧૦	જામનગર (ગ્રામ્ય)	જગેડી	જગેડી નાની સિંચાઈ યોજના
૧૧	જામનગર (ગ્રામ્ય)	તમાચણ	ઊંડ ડેમ
૧૨	જામનગર (ગ્રામ્ય)	ધુળશીયા	વોડીસંગ સિંચાઈ યોજના
૧૩	જામનગર (ગ્રામ્ય)	પસાયા	રૂપારેલ જળસંપત્તિ યોજના
૧૪	જામનગર (ગ્રામ્ય)	બેડ	બેડા બંધારા
૧૫	જામનગર (ગ્રામ્ય)	મોટી ભલસાણ	વાગડીયા જળસંપત્તિ યોજના
૧૬	જામનગર (ગ્રામ્ય)	વિજરખી	વિજરખી ડેમ
૧૭	જામનગર (ગ્રામ્ય)	સપડા	સપાડ સિંચાઈ યોજના
૧૮	જામનગર (ગ્રામ્ય)	સુમરી ભલસાણ	વાગડીયા ડેમ
૧૯	જામનગર (ગ્રામ્ય)	સુર્યપરા	કુઈ વાળો પાણીના ડેમ
૨૦	ધ્રોલ	--	ઉન્ડ-૧ ડેમ
૨૧	ધ્રોલ	--	ઉન્ડ-૨ ડેમ
૨૨	ધ્રોલ	--	આજી-૩ ડેમ
૨૩	ધ્રોલ	ગઢડા	ગઢડા નાની સિંચાઈ યોજના
૨૪	ધ્રોલ	ડાંગરા	ડાંગરા નાની સિંચાઈ યોજના
૨૫	ધ્રોલ	નાના ગરેડીયા	નાના ગરેડીયા નાની સિંચાઈ યોજના
૨૬	ધ્રોલ	મજોઠ	ઉંડ-૨ જળસંપત્તિ યોજના
૨૭	ધ્રોલ	હમાપર	હમાપર નાની સિંચાઈ યોજના
૨૮	કાલાવડ	ઉમરાળા	ઉમરાળા નાની સિંચાઈ યોજના
૨૯	કાલાવડ	ગોલણીયા	ફુલઝર-૧, સિંચાઈ યોજના
૩૦	કાલાવડ	નાની ભલાસાણ	નાની ભલાસાણ નાની સિંચાઈ યોજના
૩૧	કાલાવડ	નિકાવા	ઉંડ-૪ જળસંપત્તિ યોજના
૩૨	કાલાવડ	પાચદેવડા	પાચદેવડા નાની સિંચાઈ યોજના
૩૩	કાલાવડ	બાલંભડી	બાલંભડી નાની સિંચાઈ યોજના
૩૪	કાલાવડ	મછલીવડ	મછલીવડ નાની સિંચાઈ યોજના
૩૫	કાલાવડ	મેટીયા	ફોફળ-૨ સિંચાઈ યોજના
૩૬	કાલાવડ	લલોઈ	લલોઈ નાની સિંચાઈ યોજના
૩૭	જામજોધપુર	કોટડા બાવિશી	ફુલઝર (કો.બા.) જળસંપત્તિ યોજના
૩૮	જામજોધપુર	ગીંગણી	મુવાન નાની સિંચાઈ યોજના
૩૯	જામજોધપુર	બમથીયા	બમથીયા-૨ નાની સિંચાઈ યોજના
૪૦	જામજોધપુર	બમથીયા	બમથીયા-૧ નાની સિંચાઈ યોજના
૪૧	જામજોધપુર	બમથીયા	બમથીયા-૧ મધ્યમ સિંચાઈ યોજના
૪૨	જામજોધપુર	મોટી ગોપ	મોટી ગોપનું તળાવ (બાવાધાર-૨ તળાવ)
૪૩	જામજોધપુર	વનાણા	વેણુ નાની સિંચાઈ યોજના
૪૪	જામજોધપુર	શેઠ વડાળા	ગેબનશાપીર નાની સિંચાઈ યોજના

ક્રમ	તાલુકો	ગામ	જળાશય/ભયજનક સ્થળની વિગતો
૪૫	જામજોધપુર	સતાપર	ડાઈ (મી) સિંચાઈ યોજના
૪૬	જામજોધપુર	સંગચિરોડા	સંગચિરોડા નાની સિંચાઈ યોજના
૪૭	જામજોધપુર	સીદસર	ઉમિયાસાગર જળસંપત્તિ યોજના
૪૮	જામજોધપુર	સોગઠી	સોગઠી નાની સિંચાઈ યોજના
૪૯	જોડીયા	કુન્નડ	ઉંડ નદી
૫૦	જોડીયા	કેશીયા	કેશીયા બંધારા
૫૧	જોડીયા	ખીરી	ખીરી ટી. આર.
૫૨	જોડીયા	તારાણા	આજી-૪ ડેમ
૫૩	જોડીયા	બાલંભા	બાલંભા બંધારા
૫૪	જોડીયા	બાલંભા	આજી-૪ જળસંપત્તિ યોજના
૫૫	જોડીયા	બાલંભા	ગોપી તળાવ
૫૬	જોડીયા	બાલાચડી	રાજાશાહી તળાવ ૧ તથા ૨ તથા બાલાચડી બીચ
૫૭	જોડીયા	--	આજી નદી
૫૮	જોડીયા	ભીમકટા	મોતીસર તળાવ
૫૯	જોડીયા	માધાપર	આજી ડેમ
૬૦	જોડીયા	હડીયાણા	હડીયાણા બંધારા
૬૧	લાલપુર	ખડ ખંભાળિયા	ખડ ખંભાળિયા ગામના તળાવ પરના ડેમ પર આવેલ ધોધ
૬૨	લાલપુર	ખડ ખંભાળિયા	ખડખંભાળિયા નાની સિંચાઈ યોજના
૬૩	લાલપુર	ગોવાણા	ગોવાણા નાની સિંચાઈ યોજના
૬૪	લાલપુર	ડબાસંગ	ડબાસંગ નાની સિંચાઈ યોજના
૬૫	લાલપુર	ઢાંઢર	ઢાંઢર નાની સિંચાઈ યોજના
૬૬	લાલપુર	દલતુંગી	ફુલઝર-૨ સિંચાઈ યોજના
૬૭	લાલપુર	ધરમપુર	ધરમપુર નાની સિંચાઈ યોજના
૬૮	લાલપુર	નવાગામ	પન્ના સિંચાઈ યોજના
૬૯	લાલપુર	નવીવેરાવળ	નવી વેરાવળ નાની સિંચાઈ યોજના
૭૦	લાલપુર	પીપરટોડા	પીપરટોડા નાની સિંચાઈ યોજના
૭૧	લાલપુર	પીપળી	સસોઈ ડેમ
૭૨	લાલપુર	બાઘલા	સસોઈ-૨ જળસંપત્તિ યોજના
૭૩	લાલપુર	રૂપાવટી	રૂપાવટી નાની સિંચાઈ યોજના
૭૪	લાલપુર	લાલપુર	રૂપાવટી ડેમ, લાલપુર
૭૫	જામનગર	--	કંકાવટી નદી
૭૬	જામનગર	--	રૂપારેલ નદી
૭૭	જામનગર	--	ઢાંઢર નદી

જામનગર, ૧૬ માહે જુન, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/વીજ-પોલ/૦૧/૨૦૨૫.-જામનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) હસ્તકના વીજ પોલો સ્થિત છે. આ વીજ પોલ પર કોઈપણ પ્રકારની પરવાનગી વગર ટેલિવિઝન નેટવર્ક કે ઓપ્ટિકલ ફાઈબર કેબલ્સ પ્રસ્થાપિત

કરવામાં આવે છે. આવા કેબલ્સ સાથે જીવંત વીજ તારોના સ્પર્શના કારણે વીજ ઝટકો, આગ તથા ઘાતક અકસ્માતો જેવી ઘટનાઓ બનવાની સંભાવના રહે છે. જેના કારણે વીજ પુરવઠામાં વિક્ષેપ, સરકારી સંપતિનું નુકસાન અને માનવીય જીવન સામે કૃત્રિમ જોખમ પેદા થાય છે. આથી આ અંગે તકેદારીના પગલાં લેવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા અધીક્ષક ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, જામનગરના તા. ૧૧-૦૬-૨૦૨૫ ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે મને ઉચિત જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, જામનગર મહાનગરપાલિકા સહિત જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના હુકમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) જામનગર જિલ્લામાં સ્થિત કોઈ પણ વીજ પોલ પર બિનઅધિકૃત રીતે ટીવી કેબલો કે અન્ય તાર જોડવા, લંબાવવા કે પ્રસ્થાપિત કરવા નહીં.

(૨) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., જામનગર દ્વારા દૂર કરાયેલ ટીવી કેબલ કે અન્ય તારો પુનઃ પ્રસ્થાપિત કરવા નહીં.

(૩) હાલની સ્થિતિએ બિનઅધિકૃત રીતે વીજ પોલ પર જોડાણ/પ્રસ્થાપિત કરેલ કેબલ/તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં ફરજિયાત પણે દૂર કરવા.

આ જાહેરનામાંનાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ તેનું ટીવી કેબલ ઓપરેટરનું રજીસ્ટ્રેશન રદ થવા પાત્ર રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ પગલા લેવા પીજીવીસીએલના સક્ષમ અધિકારીશ્રી તથા થથાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા સંબંધિત તાલુકા મામલતદારશ્રીને ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં, પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં તથા પી.જી.વી.સી.એલ.ની કચેરીના નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી તેમજ સ્થાાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૧ માહે જુલાઈ-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૧ માહે જુલાઈ, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/તાજીયા/૦૧/૨૦૨૫.-જામનગર જિલ્લાના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં દર વર્ષે મુસ્લિમ સમુદાય દ્વારા મહોરમ (તાજીયા) ના તહેવારની ઉજવણી કરવામાં આવે છે. જામનગર જિલ્લાના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં ચાલુ વર્ષે તા. ૦૫-૦૭-૨૦૨૫ થી તા. ૦૬-૦૭-૨૦૨૫ ના રોજ મહોરમ (તાજીયા) ની ઉજવણી કરવામાં આવનાર છે. ભુતકાળમાં જામનગર શહેર વિસ્તારના ધરારનગર-૧ ખાતે વર્ષ ૨૦૨૩ માં તાજીયાના જુલુસ દરમ્યાન તાજીયાની ટોચ વીજ તારના સંપર્કમાં આવતા દુર્ઘટના સર્જાઈ હતી જેમાં બે વ્યકિતના મોત થયા હતા. આથી આવા બનાવો બના અટકાવવા તેમજ ટ્રાફિક નિયમોનું પાલન થાય તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તકેદારી રાખવા તેમજ અન્ય ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાય તેવા કૃત્યો કરવા પર અંકુશ રહે એ માટે પ્રતિબંધાત્મક પગલા લેવા જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગર દ્વારા તા. ૩૦-૦૬-૨૦૨૫ના પત્રથી દરખાસ્ત કરેલ છે. જે મને ઉચિત જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ, જામનગર મહાનગરપાલિકા સહિત જામનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તા.૦૧-૦૭-૨૦૨૫ થી તા. ૦૭-૦૭-૨૦૨૫ સુધી નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) તાજીયાની બેઠક સહિત ૯ (નવ) ફુટથી વધારે ઉંચાઈના તાજીયા બનાવવા, વેંચવા કે જાહેર માર્ગો ઉપર પરિવહન કરવા નહી.

(૨) તાજીયામાં લોખંડના સળીયા કે અન્ય વીજવાહક સાધનો, વસ્તુઓ કે પદાર્થોનો ઉપયોગ કરવો નહી.

(૩) સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી મેળવ્યા સિવાય તાજીયાના ઝુલુસ કાઢવા નહી.

(૪) મંજુરીમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર નીકળવું નહી. તેમજ મંજુરીમાં દર્શાવેલ સમયમર્યાદામાં તાજીયા પુર્ણ કરવાના રહેશે.

(૫) તાજીયાના રૂટ ઉપરથી પસાર થતા સમયે તે વિસ્તારમાં રહેતા વ્યકિતઓને કોઈ પણ પ્રકારે અડચણ કે ત્રાસ કે નુકશાન કે લોકોને જાન-માલ કે સ્વાસ્થય અને સલામતીને નુકશાન થાય તેવું કૃત્ય કરવું નહી.

(૬) કોઈ પણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ પણ પ્રકારના ચિન્હો કે નિશાની વાળા તાજીયાઓ બનાવવા, ખરીદવા કે વેચાણ કરવા નહીં.

(૭) રાત્રીના ૧૦-૦૦ થી ૬-૦૦ કલાક સુધીના સમયગાળામાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.

(૮) તાજીયા કમિટી દ્વારા જાહેર રસ્તા ઉપર કે પબ્લીક સ્ટોલ લગાવવામાં આવે છે ત્યાં કે તેની આજુબાજુની જગ્યામાં કોઈપણ પ્રકારની ગંદકી કરવી નહી તથા આ જગ્યાઓ ઉપર કચરા પેટી રાખવાની તથા સફાઈ કરાવવાની જવાબદારી તાજીયા કમિટીના આયોજકોની રહેશે.

(૯) તાજીયામાં લાઈટીંગનો ઉપયોગ કરવામાં આવે તો તેનું વાઈરીંગ ખુલ્લુ રાખવું નહીં. તેમજ વીજ લાઈનને કોઈ પણ પ્રકારના દંડ કે લાકડી (વિદ્યુતવાહક કે અવાહક) જેવા પદાર્થથી ઉચા કરવા કે કોઈપણ પ્રકારની છેડછાડ કરવી નહીં.

(૧૦) તાજીયાના રૂટ પર આવતા વીજ પોલ કે વીજ વાયરને નુકસાન થાય તેવું કૃત્ય કરવું નહીં.

(૧૧) કોઈપણ તાજીયાને બિનવારસી હાલતમાં મુકવા પર પ્રતિબંધ.

આ જાહેરનામાંનાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમ વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતીય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમા તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૧૬ માહે જૂન, ૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૧૬ માહે જૂન, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. : ડીએમ/ટાપુ/૦૩/૨૦૨૫.-જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદંશીલ જિલ્લો છે જામનગર જિલ્લામાં કુલ-૧૧ (અગિયાર) દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જ્યારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહીત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસમાજિક પ્રવૃતિઓ કરતાં ઈસમો સહેલાઈથી આ દરીયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઈ તેમજ આંતકવાદી અને દેશદ્રોહી પ્રવૃતિને રોકવા આ ટાપુઓ પર પ્રવેશ પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી (ઈન્ચાર્જ), જામનગરના તા. ૧૬-૦૬-૨૦૨૫ ના પત્ર જા. નં./LIB/ટાપુ/જાહેરનામાં/૨૧૬૮/૨૦૨૫ થી દરખાસ્ત મળેલ છે જે મને વાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો,** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, જામનગર જિલ્લાના આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબના કુલ-૧૧ (અગિયાર) ટાપુઓ પર તા. ૧૬-૦૬-૨૦૨૫ થી તા. ૧૪-૦૮-૨૦૨૫ સુધી (બને દિવસો સહિત) પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

: અપવાદ :

પ્રવાસીઓને પીરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષકશ્રી, મરીન નેશન પાર્ક, જામનગરની પુર્વમંજુરી મેળવી લેવાની રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતિય ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ન્યાય સંહિતા (૪૫મો અધિનિયમ), ૨૦૨૩ ની કલમ-૨૩૩ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૧૬ માહે જૂન-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

અત્રેની કચેરીના તા. ૧૬-૦૬-૨૦૨૫ ના જાહેરનામાં ક્રમાંક નં. ડીએમ/ટાપુ/૦૩/૨૦૨૫ અન્વયેનું પરિશિષ્ટ

જામનગર જિલ્લામાં આવેલ ટાપુઓની વિગત						
ક્રમ	**ટાપુનું નામ**	**નજીકના પો. સ્ટે.નું નામ**	**મહેસુલી હુકુમત**	**નજીકનું ગામ**	**Latitude**	**Longitude**
૧	ભેંસબીડ ટાપુ	બેડી મરીન	જામનગર	ખારા બેરાજા	22.544066	69.951464
૨	ઝિંદ્રા ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.5736844	70.0096441
૩	દંડીકા ટાપુ	બેડી મરીન	જામનગર	સરમત	22.523926	69.940465
૪	મુંડીકા ટાપુ	બેડી મરીન	જામનગર	સરમત	22.528033	69.930904
૫	પીરોટન ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.573684	70.009644
૬	અમુડી બેલા ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.541500	69.960000
૭	બડા બેલા ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.530600	69.944600
૮	કોદરા @ કોદારા ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.566300	70.019100
૯	જુના બેલા ટાપુ	બેડી મરીન	જામનગર	બેડી	22.550300	70.018300
૧૦	સોસબારી	બેડી મરીન	જામનગર	બેડી	22.539400	69.932000
૧૧	ઘાખડી (નોવાડા)	બેડી મરીન	જામનગર	બેડી	22.535100	69.955900

જામનગર, ૧૬ માહે જૂન, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧, ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. : ડીએમ/લોકમેળો/જન્માષ્ટમી/૦૧/૨૦૨૫.-જામનગર શહેરમા જન્માષ્ટમીના તહેવાર નિમિતે નવતનપુરીધામ ખીજડા મંદિરથી પ્રસ્થાન કરી ચકલા મંદિર, સેન્ટ્રલ બેંક, બર્ધન ચોક, દરબાર ગઢ, ચાંદીબજાર, ગણેશ ફળી, પ્રાણનાથ મેળી મંદિર, સજુબા સ્કુલ, ચૌહાણ ફળી, પંજાબ નેશનલ બેંક, ખાદી ભંડાર, બેડીગેઇટ, પંચેશ્વર ટાવર, કંદોઈની વાડી, જુનીભંગાર બજાર, હવાઈ ચોક સુધીના રોડ ઉપર તા. ૧૬-૦૮-૨૦૨૫ ના સવારના ૦૮-૦૦ કલાકથી બપોરના ૧૫-૦૦ કલાક સુધીના સમય દરમ્યાન મટકીફોડ શોભાયાત્રા નિકળનાર છે. આ રસ્તા પર વાહનો તથા લોકોની અવર-જવરના લીધે ટ્રાફીક રહેવા પુરતો સંભવ છે. જેથી શહેરમાં પ્રવેશતા ભારે વાહનો કાલાવડ નાકા બહાર મહાપ્રભુજીની બેઠક પાસેથી અન્નપુર્ણા ચોકડી તરફથી રીંગ રોડથી સુભાષ બ્રિજ થઈ ટાઉન હોલ તરફ ડાયવર્ટ કરવા તેમજ જુની દિગ્વિજય પ્લોટ પોલીસ ચોકી ઓશવાળ હોસ્પીટલથી પવનચકકી, સાધના કોલોની, લાલપુર બાયપાસ તરફ ડાયવર્ટ કરવાનું તેમજ રસ્તો બંધ કરવા અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા. ૧૪-૦૮-૨૦૨૫ ના પત્ર નં. LIB/જાહેરનામુ/૨૮૩૨/૨૦૨૫ થી દરખાસ્ત રજુ કરેલ છે.

જેથી, હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ નીચેના પરિશિષ્ટમાં જણાવેલ રસ્તા પર તા. ૧૬-૦૮-૨૦૨૪ ના રોજ સવારના ૮-૦૦ કલાક થી બપોરના ૧૫-૦૦ કલાક સુધી એમ કુલ ૭ (સાત) કલાક માટે તમામ પ્રકારના ભારે વાહનોના પ્રવેશ પર વૈકિલ્પક રૂટની વ્યવસ્થા સાથે પ્રતિબંધ ફરમાવું છું.

ક્રમ	**તારીખ**	**તમામ પ્રકારના વાહનો માટે પ્રતિબંધિત માર્ગ**	**રસ્તો બંધ થતા વાહન-વ્યવહારનો વૈકિલ્પક રૂટ**
૧	તા. ૧૬-૦૮-૨૦૨૫ ના સવારના ૮-૦૦ કલાકથી ૧૫-૦૦ કલાક સુધી	દિગ્વિજય પ્લોટ જુની પોલીસ ચોકી સર્કલ થી હવાઈ ચોક, માંડવી ટાવર, દરબાર ગઢ, મહાપ્રભજીબેઠક સુધીનો રસ્તો	દિગ્વિજય પ્લોટ જુની પોલીસ ચોકી સર્કલ- ઓશવાળ હોસ્પીટલ- પવનચક્કી થઈ સાધના કોલોની લાલપુર બાયપાસ તરફનો ડાવયર્ઝન રૂટ (ભારે વાહનો માટે)

આ જાહેરનામું જન્માષ્ટમીના તહેવાર નીમીતે કામગીરીમાં રોકાયેલ સરકારી વાહનો, એમ્બ્યુલન્સ તથા ફાયર વિભાગના વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે. રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ મુકવાના રહેશે.

આજ તા. ૧૪ માહે ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

જામનગર, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧, ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામું

નં. : ડીએમ/ડીસીએચ/રૂ.ડા./મોરબી-૦૧/૨૦૨૫.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, મોરબી દ્વારા તા. ૧૪-૦૮-૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જ/એમએજી-૨/વન-વે/જાહેરનામું/૧૩૦૮/૨૦૨૫ દ્વારા મોરબી જિલ્લાની હદમાં ટંકારા તાલુકામાં આવેલ લતીપર સાવડી રોડ કિ.મી. ૨૯-૦૦ પર આજી નદી પર સ્થિત પુલના સમારકામ હેતુથી આ પુલ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે આ પુલ જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાને મોરબી જિલ્લા ટંકારા અને મોરબી શહેરને જોડે છે. આ માર્ગનો એક છેડો મોરબી જિલ્લાની હદમાં અને બીજો છેડો જામનગર જિલ્લાની હદમાં આવેલ છે. પુલ પરથી અવરજવર બંધ થવાને કારણે આ સમગ્ર માર્ગ ભારે વાહનો માટે અપ્રવેશ્ય બનેલ છે. જેના પરિણામે જામનગર જિલ્લાના હદમાંથી આ માર્ગ પર પ્રવેશતા ભારે વાહનો આગળ જઈ શકે તેમ નથી.

હુકમ

જેથી, જનસુરક્ષા, માર્ગવ્યવસ્થાની સુગમતા અને અકસ્માત નિવારણની દૃષ્ટિએ હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂએ, જામનગર જિલ્લાના ધ્રોલ શહેરથી ટંકારા તરફ જવા માટેઃ ૧) જામનગર તરફથી આવતા ભારે વાહનો ધ્રોલ ત્રીકોણબાગથી પડધરી તથા પડધરીથી મિતાણા થઈ ટંકારા સુધીનો માર્ગ તથા ૨) જોડીયા-ભાદરા તરફથી આવતા ભારે વાહનો ધ્રોલ ચામુંડા પ્લોટ ચોકડીથી ભેંસદડ ચોકડી થઈ સમરમરીયા દાદાની જગ્યાએથી પડધરી થઈ મિતાણા થઈ ટંકાસુધીનો માર્ગ ઉપયોગ કરવા ફરમાવું છું.

જાહેર જનતાના માર્ગદર્શન માટે કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય) એ ભારે વાહનો માટે બંધ કરાયેલ રસ્તાની શરૂઆતના ભાગે સ્પષ્ટ રીતે જોઈ શકાય તેવા યોગ્ય સાઈઝના બોર્ડ લગાવવાની કામગીરી કરવાની રહેશે તેમજ યોગ્ય પહોળાઈ તથા ઉંચાઈના બેરીયર લગાવવાના રહેશે.

આ જાહેરનામું તા. ૧૪-૦૮-૨૦૨૫ થી અમલમાં આવશે અને આગામી સૂચના સુધી અથવા જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી મરોબી અથવા તેઓ દ્વારા અધિકૃત અન્ય અધિકારશ્રી દ્વારા પુલનું સમારકામ પૂર્ણ કરી સુરક્ષિત જાહેર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું તાત્કાલીક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલીક અસરથી અમલમાં લાવવામાં આવે છે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે રીતે નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર તથા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરએ તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે. રસ્તાઓના અગ્રભાગે જાહેર જનતાને સરળતાથી જાણકારી મળી રહે તે મુજબના બોર્ડ નાયબ કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગરએ મુકવાના રહેશે.

આજ તા. ૧૪ માહે ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

જામનગર, ૧૪ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું

જાહેરનામું

નં. ડીએમ/ડીસીએચ/મજુર-૦૩/૨૦૨૫.-જામનગર જિલ્લામાં ભૂતકાળમાં બનેલ લૂંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના આરોપીઓની વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં કારખાના, મકાન બાંધકામમાં, ફાઉન્ડ્રી ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તેમજ ખેતિ અને વેપાર ધંધામાં મજુર તરીકે કામ કરતા કારીગરો આવા ગુન્હાઓમાં સામેલ હોવાનું જોવા મળ્યુ છે. જેઓ આવા ગુન્હાઓ આચર્યા બાદ જિલ્લામાંથી કે રાજ્યમાંથી નાસી જતા હોય છે. તેમજ ઘણા કિસ્સામાં અન્ય જિલ્લા કે રાજ્યમાં ગંભીર ગુન્હાઓ આચરી જામનગર જિલ્લામાં છુપાઈને રહેતા હોય છે. આથી ઘણા ગુન્હાઓની તપાસ અધૂરી રહે છે. આથી જામનગર જિલ્લાના વિસ્તારની સલામતી અને શાંતિ જાળવવા સારૂ આવા નાગરિકો/વ્યકિતઓની માહિતિ એકઠી કરવી ખુબ જ જરૂરી છે. આથી તે અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા. ૦૯-૦૯-૨૦૨૫ના પત્ર નં. LIB/જાહેરનામું/૩૧૫૮/૨૦૨૫ થી દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મને વ્યાજબી અને ઉચીત જણાય છે.

જેથી હું ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ ફરમાવુ છું કે,

હુકમ

જામનગર મહાનગરપાલિકા વિસ્તાર સહિત સમગ્ર જામનગર જિલ્લાના તમામ કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, ખેતી તેમજ અન્ય ફેકટરી ઉદ્યોગ, વેપાર-ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનીટમાં કર્મચારીઓ, કારીગરો, શ્રમિકો કે ભાગીયાઓ હાલમાં કાર્યરત છે તેવા કાયમી, હંગામી કે કોન્ટ્રાકટ બેઝના કર્મચારીઓ/કારીગરો/શ્રમિકોની વિગતો તૈયાર કરી આ સહ સામેલ પત્રક-'ક' માં તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનને આ જાહેરનામાની પ્રસિદ્ધિની તારીખથી વધુમાં વધુ દિન-૧૫માં આપવાની રહેશે.

ગુજરાત રાજયના કે અન્ય રાજ્યો/દેશમાંથી આવેલા વ્યકિતને મકાન ભાડા પેટે આપવામાં આવે ત્યારે મકાન ભાડે અપાવનાર દલાલ અને મકાન માલિકે મકાન ભાડે આપ્યા અંગેની માહિતી આ સહ સામેલ પત્રક 'ખ'માં તૈયાર કરી સબંધિત પોલીસ સ્ટેશનમાં આ જાહેરનામાથી પ્રસિદ્ધથી દિવસ-૧૫ માં આપવાની રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામું તા. ૧૧-૦૯-૨૦૨૫ થી તા. ૧૦-૧૦-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ જાહેરનામાંના કોઈપણ ખંડનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે જામનગર જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની બજવણી વ્યકિતગતરીતે કરવી શકય ન હોય એક તરફી હુકમ કરવામાં આવે છે. આ જાહેરનામાની પ્રસિધ્ધિ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, પ્રાંત અધિકારીશ્રી અને મામલતદાર કચેરી, જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતો, મહાનગરપાલિકા અને નગરપાલિકાઓ સહીતની તમામ સરકારી કચેરીના નોટીસ બોર્ડ પર ચોંટાડીને કરવાની રહેશે. તેમજ આ જાહેરનામાની નકલો પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાઈ આવે તેવી જગ્યાએ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાનપત્રો દ્વારા તેની જાહેરાત કરીને જાહેરનામું પ્રસિદ્ધ કરવાનું રહેશે.

આજ તા. ૧૧ માહે સપ્ટેમ્બર-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડયુ.

જામનગર, ૧૧ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

આ કચેરીના તા. ૧૧-૦૯-૨૦૨૫ ના જાહેરનામાં નં.ડીએમ/ડીસીએચ/મજુર-૦૩/૨૦૨૫નું

પત્રક-'ક'

ક્રમ	પેઢીના/માલીક/ ખેડુતનું નામ તથા સરનામું તથા ધંધાની વિગત, માલિકના મોબાઈલ નંબર તથા ધંધાના સ્થળના ટેલીફોન નંબર	કામે રાખેલ કર્મચારી/ કારીગર/મજૂર/ ભાગીયાનું પુરૂં નામ, ઓળખ ચિન્હ, હાલનું સરનામું તથા મોબાઈલ નંબર	કર્મચારી કારીગર/ મજૂર/ભાગીયાના મૂળ વતનનું પુરૂં સરનામું તથા વતનના ટેલીફોન નંબર, પૂર્વ ઈતિહાસ, નાગરિકતા અને ઓળખ નક્કી થઈ શકે તેવા તમામ આધાર પુરાવા (ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, આધારકાર્ડ, રેશનકાર્ડ) વિગેરે	કર્મચારી કારીગર/ મજૂર/ ભાગીયાને નોકરીમાં રાખ્યાની તારીખ	કર્મચારી/ કારીગર/મજૂર કે ભાગીયા અગાઉ જે સ્થળે કામ કરતા હોય તે માલીકનું પુરૂં નામ, સરનામું તથા મોબાઈલ નંબર	કર્મચારી/કારીગર/ મજુર/ભાગીયાને કોના રેફરન્સ/ પરીચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂં નામ, સરનામું ટેલીફોન અને મોબાઈલ નંબર	કર્મચારી/કારીગર/ મજૂર ભાગીયાના બે થી ત્રણ સગા સંબંધિના પુરા નામ તથા સરનામા (તેમના વતન સહિતના તથા ટેલીફોન અને મોબાઈલ નંબર	કર્મચારી/ કારીગર/ મજૂર/ ભાગીયાનો ફોટો	હથીયાર ધરાવતા હોય તો તેની વિગત
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)	(૮)	(૯)	(૧૦)

પત્રક-'ખ'

ક્રમ	મકાન માલીકનું નામ તથા રહેઠાણનું સરનામું	જે મકાન ભાડે આપેલ હોય તે મકાનનું નામ તથા સરનામું	મકાન ભાડે આપ્યાની તારીખ	મકાન ભાડે રાખનાર વ્યકિતનું નામ/સરનામું/ ઓળખકાર્ડ/ચૂંટણીકાર્ડ/ ડ્રાઈવીંગ લાયસન્સનો પુરાવો	મકાન ભાડે રાખનાર મુળ કયાના રહેવાસી છે તે વતનના પુરા સરનામા તથા વતનની બે વ્યકિતના નામ, સરનામા તથા ફોન નંબર	મકાન માલીક અને ભાડુઆત તરીકે સંપર્ક કરાવનાર એજન્ટ/ દલાલનું નામ સરનામું/ ફોન નંબર
૧	૨	૩	૪	૫	૬	૭

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/રણુજા-૦૧/૨૦૨૫.-જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના વોડીસાંગ (રણુજા) રામદેવજી મંદિરના સાનિધ્યમાં લોકમેળો યોજાનાર છે અને રાત દિવસ ચાલનાર છે. જેમાં બહોળી સંખ્યામાં લોકો ભાગ લેનાર હોઈ, સદરહું મેળામાં લોકોની સલામતી જાળવવા તેમજ ટ્રાફીકનું નિયમન જાળવવાના હેતુથી રણુજા મુકામે આવવા જવા માટેના રસ્તાઓ એકમાર્ગીય કરવા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ જાહેરનામું બહાર પાડવા પોલીસ અધિક્ષકશ્રી, જામનગરના તા. ૨૮-૦૮-૨૦૨૫ ના પત્ર નં. સીબી/૫/વર્ક/૧૩૦૨/૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત તપાસતાં મને યોગ્ય અને ઉચિત જણાય છે.

જેથી, હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી ફરમાવું છું કે,

(૧) **કાલાવડ થી રણુજા (વોડીસાંગ) નો રસ્તો :** કાલાવડ થી રણુજા જવા માટે બંધ કરવામાં આવે છે અને ફકત રણુજા મેળામાંથી કાલાવડ આવવા માટે આ રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

(૨) **હરીપર (ખંઢેરા) થી રણુજા (વોડીસાંગ) નો રસ્તો :** રણુજા થી હરીપર આવવા માટે બંધ કરવામાં આવે છે અને ફકત હરીપર થી રણુજા જવા માટે આ રસ્તાનો ઉપયોગ કરી શકાશે.

આ જાહેરનામું તા. ૦૧-૦૯-૨૦૨૫ થી તા. ૦૩-૦૯-૨૦૨૫ ના ૨૪-૦૦ કલાક સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

અપવાદ :

સરકારી વાહનો, પોલીસના વાહનો, ઈમરજન્સી વાહનો, એમ્બ્યુલન્સ તથા ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની બસોને આ જાહેરનામામાંથી મુકિત આપવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાનાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૩૦ માહે ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો મહોર લગાવી બહાર પાડયુ.

જામનગર, ૩૦ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામુ

નં. ડીએમ/ડીસીએચ/૨૬૦૯/૨૦૨૫.-જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગરના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલ કલેકટર કચેરી, તમામ પ્રાંત અધિકારીઓની કચેરીઓ, તમામ તાલુકા મામલતદાર કચેરીઓ, ઝોનલ કચેરીઓ, જી. જી. હોસ્પીટલ, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવાસદન-૨, જિલ્લા સેવાસદન-૩ તથા જિલ્લા સેવા સદન-૪, મહેસુલ સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, પોલીસ અધિક્ષકની કચેરી, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ તથા તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પોલીસ સ્ટેશનો, જામનગર મહાનગરપાલિકાની કચેરી તથા તે કચેરી હેઠળની ઝોન કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, તથા જિલ્લામા આવેલ તમામ અન્ય સરકારી કચેરીઓમા જાહેર જનતાને લગતી કામગીરી કરવામા આવે છે. તેમજ જયાં રોજેરોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતા હોય છે. કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીઓ આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળામાં જાહેર જનતા પાસેથી છેતરપીંડી આચરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદે પ્રવૃતિઓ કરી ઉલ્ટી સીધી વાતો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી કામ કરાવવા જેવી પ્રવૃતિઓ કરતાં હોવાનું જણાયેલ છે.

આથી હું, **ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૭(૧) હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે,

જામનગર જિલ્લામાં આવેલ કલેકટર કચેરી, તમામ પ્રાંત અધિકારીઓની કચેરીઓ, તમામ તાલુકા મામલતદાર કચેરીઓ, ઝોનલ કચેરીઓ, જી.જી.હોસ્પીટલ, જિલ્લા પંચાયત કચેરી, જિલ્લા સેવાસદન-૨, જિલ્લા સેવા સદન-૩, તથા જિલ્લા સેવા સદન-૪, મહેસુલ સેવા સદનમાં આવેલ સરકારી કચેરીઓ, પોલીસ અધિક્ષકની કચેરી, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ તથા તેમના કાર્યક્ષેત્ર હેઠળ આવતા તમામ પોલીસ સ્ટેશનો, જામનગર મહાનગરપાલિકાની કચેરી તથા તે કચેરી હેઠળની ઝોન કચેરીઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી અને આર.ટી.ઓ. ચેકપોષ્ટ તથા જિલ્લામા આવેલ તમામ અન્ય સરકારી કચેરીઓમા જયાં રોજ રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી જિલ્લાની સરકારી કચેરીઓમાં સરકારી કામે આવેલ હોય, કામ કરતા હોય તેવા અગર વાજબી કામે આવેલ હોય તે સિવાયના અનધિકૃત

ઈસમો કે ઈસમોની ટોળી સદરહું કચેરીઓમા આવતી જાહેર જનતા/અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતિ કરી રહેલ ઈસમોને પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૨૫-૦૮-૨૦૨૫ ના ૦૦-૦૦ કલાક થી તા. ૨૩-૦૯-૨૦૨૫ ના કલાક ૨૪-૦૦ સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

''જામનગર મહાનગરપાલિકા સહિત જામનગર જિલ્લાની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર''

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૧) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જામાં ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની પ્રસિધ્ધી જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં નોટિસ બોર્ડ ઉપર ચોંટાડીને કરવી તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ તા. ૨૫-ઓગસ્ટ-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડી બહાર પાડવામાં આવ્યું.

જામનગર, ૨૫ માહે ઓગસ્ટ, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) હેઠળનું

જાહેરનામું

ક્રમાંક : ડીએમ/ડીસીએચ/હથિયારબંધી/૧૦/૨૦૨૫.-આગામી દિવસોમાં દીવાળી, નૂતન વર્ષ, ભાઈ બીજ વગેરે જેવા તહેવારો તેમજ સરદાર વલ્લભભાઇ પટેલની જન્મ જયંતી ઉજવવામાં આવનાર હોય જેના અનુસંધાને જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેની તકેદારી રાખવા માટે પોલીસ અધિક્ષકશ્રી, જામનગર તરફથી તા. ૦૧-૧૦-૨૦૨૫ ના પત્ર નં. એલઆઈબી/જા. ના./૩૪૨૪/૨૦૨૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) તળે સમગ્ર જિલ્લામાં હથિયારબંધી ફરમાવતું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે દરખાસ્ત મને વ્યાજબી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો, જામનગર,** ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) તળે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તારમાં તા. ૦૪-૧૦-૨૦૨૫ થી તા. ૦૨-૧૧-૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી કોઈએ :

(૧) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકે તેવું કોઈપણ સાધન લઈ જવું નહી.

(૨) કોઈપણ ક્ષયકારી અથવા સ્ફોટક દારૂગોળો વિગેરે પદાર્થો લઈ જવા નહી.

(૩) પથ્થરો અથવા ફેંકીને ઈજા પહોંચાડી શકાય કે સંપત્તિને નુકસાન કરી શકાય તેવી વસ્તુો ફેંકવા કે ધકેલવાના યંત્રો સાથે લઈ જવા નહી.

(૪) માનવ, માનવ શબ કે માનવ આકૃતિઓ કે પુતળા દેખાડવા નહી કે બાળવા નહી.

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવા નહીં, ગીતો ગાવા નહીં અને ટોળામાં ફરકવું નહી.

(૬) પરવાનેદાર હથિયાર ધારકોએ હથિયાર સાથે શોપીંગ મોલ કે સિનેમા હોલમાં તથા એમ. પી. શાહ મ્યુનિ. ટાઉન હોલમાં પ્રવેશવું નહી.

: પરિશિષ્ટ :

''જામનગર મહાનગરપાલિકા સહિત જામનગર જિલ્લાની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર''

આ જાહેરનામું નીચેની વ્યકિઓને લાગુ પડશે નહી.

